## પંચપ્રકલ્પ કાર્યક્રમ અંતર્ગત તાલુકા મામલતદારશ્રીનું વ્યાખ્યાન














કૉલેજની મુલાકાતે આવનાર તાલુકા મામલતદારશ્રીનું કૉલેજના સ્વયંસેવકો તથા અધ્યાપકો સમક્ષ પંચપ્રકલ્પ અંતર્ગત માહિતીસભર વ્યાખ્યાન.

## પંચપ્રકલ્પ કાર્યક્રમ અંતર્ગત આયુર્વેદિક કેમ્પ કૉલેજના પટાંગણમાં









આયુષ્માન ભારત અંતર્ગત નેશનલ આયુષ મિશન, નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર અને સરકારી આયુર્વેદિક અધિકારીની કચેરી નવસારી દ્વારા સંચાલિત આયુષ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, સરકારી આયુર્વેદિક દવાખાનું-માંડવખડક તરફથી કૉલેજના વિદ્યાર્થીઓ માટે પંચપ્રકલ્પ કાર્યક્રમના ભાગરૂપે નિઃશુલ્ક આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

# NATIONAL AWARD PROGRAMME NEW DELHI
# NSS DAY LIVE PROGRAMME SESSION








**NATIONAL AWARD PROGRAMME NEW DELHI દ્વારા NSS DAY LIVE PROGRAMME SESSION નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ, અધ્યાપક મિત્રો તથા સ્વયંસેવકો પ્રોગ્રામને લાઈવ નિહાળી રહ્યા છે.**

## તા.૩૧/૦૩/૨૦૨૨ - સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ



















રાષ્ટ્રીય સેવા યોજનામાં સમગ્ર વર્ષ દરમિયાન સતત કાર્યરત રહેતા તમામ સ્વયંસેવકોને કૉલેજના આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસરો તથા અધ્યાપકોના હસ્તે સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા.

# 26/04/2022 to 02/05/2022 - National Integration Camp (NIC) 2022














**અસમ યુનિવર્સિટી સિલચર (આસામ) ખાતે NIC Camp-2022 માં ભાગ લેવા જઈ રહેલા કૉલેજના સ્વયંસેવક તરૂણભાઈ એ. પટેલને અભિનંદન પાઠવતા કૉલેજના આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસરો તેમજ તેમના પિતાશ્રી અશ્વિનભાઈ સહિત ગૃપ ફોટો તથા ગુજરાતની ટીમ સાથે ગૃપ ફોટો.**

# National Integration Camp (NIC) 2022














**સમગ્ર ગુજરાત રાજ્યમાંથી માત્ર ૧૦ સ્વયંસેવકો અસમ યુનિવર્સિટી સિલચર (આસામ) ખાતે એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત NIC Camp-2022 માં પસંદગી પામ્યા હતા, જેમાં અત્રેની કૉલેજના સ્વયંસેવક તરૂણભાઈ અશ્વિનભાઈ પટેલ કેમ્પમાં પસંદગી પામી ખેરગામ કૉલેજ, યુનિવર્સિટી તથા સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું હતું.**

# National Integration Camp (NIC) 2022
















**એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત NIC Camp 2022 માં 'રાષ્ટ્ર નિર્માણ મેં યુવાઓ કી ભાગીદારી' વિષય પર સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ રહેલ તરૂણભાઈ પટેલ આસામ યુનિવર્સિટીના V.C. સાથે પોતાની ટીમ સહિત.**

# National Integration Camp (NIC) 2022














**NIC Camp - 2022 માં પ્રવૃત્તિમય સમગ્ર દેશના સ્વયંસેવકો સાથે ગુજરાત રાજ્યની ટીમમાં ભાગ લઈ રહેલા તરૂણભાઈ પટેલ તથા નાગાલેંડ અને મેઘાલયની ટીમ સાથે તેઓનો ગૃપ ફોટોગ્રાફ. ઉપરાંત કેમ્પમાં તેઓએ વિવિધ પ્રવૃત્તિઓ જેમકે, યોગા, ગુજરાતી ગરબા, અલગ અલગ રાજ્યના સાંસ્કૃતિક કાર્યક્રમો, સંસ્કૃતિક ગીતો, લોકનૃત્યો, અભિનયો તથા આસામ રાજ્યના સાંસ્કૃતિક તથા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી.**

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વોલન્ટીયર્સની યાદી

| ક્રમ | વર્ગ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|---|
| ૧ | ટી.વાય.બી.એ. | પટેલ હરિકૃષ્ણભાઈ કિરણભાઈ |
| ૨ | ટી.વાય.બી.એ. | પટેલ ચેતનકુમાર માધુભાઈ (State Level R. D. Selected Volunteers) |
| ૩ | ટી.વાય.બી.એ. | પટેલ પ્રતીક્ષા નવીનભાઈ |
| ૪ | ટી.વાય.બી.એ. | શર્મા મોહિની નરેશભાઈ |
| ૫ | ટી.વાય.બી.એ. | પટેલ એશ્વર્યા ઉત્તમભાઈ |
| ૬ | ટી.વાય.બી.એ. | પટેલ ચિરાગકુમાર સંજયભાઈ |
| ૭ | ટી.વાય.બી.એ. | પટેલ ચિરાગકુમાર અમૃતભાઈ |
| ૮ | ટી.વાય.બી.એ. | પટેલ મોનીલ અશોકભાઈ |
| ૯ | ટી.વાય.બી.એ. | પટેલ અંજનાબેન અંબુભાઈ |
| ૧૦ | ટી.વાય.બી.એ. | પટેલ રીતિકાબેન નરેશભાઈ |

## ૧૦.૧.૩. ઉદ્દિશા સેલ અહેવાલ : શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

કો-ઓર્ડિનેટર

પ્રા.જીગરકુમાર વી. પરમાર


ઉદ્દિશા સેલ વિદ્યાર્થીઓનાં ભવિષ્યની ઉજ્જવળ કારકીર્દી નિર્માણ માટે કાર્ય કરે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ઉદ્દીશા સેલ કાર્યચાલક કમિટીની રચના કરવામાં આવે છે અને આ ઉદ્દિશા સેલ સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે વિવિધ પ્રકારના કારકીર્દી માર્ગદર્શન વ્યાખ્યાનોનું આયોજન કરે છે. ઉદ્દિશા સેલ ફીનીશીંગ સ્કૂલ સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને આકાર આપે છે. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયના ટ્રેનર્સ દ્વારા કોમ્યુનિકેશન, લાઈફસ્કીલ, ઈન્ટરવ્યૂ ફેસિંગ, રિઝ્યુમ રાઈટીંગ, બેઝીક અંગ્રેજી વગેરે વિષયો માટે માર્ગદર્શન આપવામાં આવે છે. ઉદ્દીશા અંતર્ગત વિદ્યાર્થીઓને રોજગાર મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

# પ્રવૃત્તિનું નામ :- પોઝીટીવ એટીટ્યુડ - 03

**તા. ૦૫/૦૩/૨૦૨૨**





પોઝીટીવ એટીટ્યુડ વિષય ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા નારણલાલા કોલેજ નવસારીના M.B.A. ડિપાર્ટમેન્ટના હેડ પ્રા.ડૉ.વિશાલભાઈ માળી.








ઈન્ટરપર્સનલ સ્કિલ અને ઈન્ટર્વ્યુ એટીટ્યુડ વિષય ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા નારણલાલા નવસારીના M.B.A. ડિપાર્ટમેન્ટ પ્રા.ડૉ. દિવ્યેશભાઈ ગાંધી.

## ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત Skill Development ના અનુસંધાને MOU નારણલાલા કોલેજ નવસારી અને સ.વિ.વા.કો. ખેરગામ







**Skill Development Outcome Based Trainings, and Related Services**

**Dr. Sanjaykumar M. Patel, Dr.Vishal Mali, Dr. Divyesh Gandhi, Assi.Prof. Jigarbhai Parmar**

# પ્રવૃત્તિનું નામ :- કેમ્પસ પ્લેસમેન્ટ અને જોબ ફેર - ૦૬

## કેમ્પસ પ્લેસમેન્ટ - ૦૧

## Teins International Company Date: - 16/03/2022



**Tiens International Company** ના એરીયા મેનજર શ્રીમતી તર્પણબેન વણકરે અને મારીયા એસ. શેખ  સ્વ.રોજગારીના સંદર્ભે એક દિવસીય સેમીનારનું આયોજન તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ કરાયું હતું. જેમાં પ્રથમ સેશનમાં તેમણે ગામડામાં સ્વરોજગારી કેવી રીતે મેળવી શકાય. સ્વરોજગારી મેળવવા **Teins Int. Company** કઈ કઈ રીતે મદદરૂપ બની શકે વગેરે સંબંધી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં.

# પ્રવૃત્તિનું નામ :- કેમ્પસ પ્લેસમેન્ટ અને જોબ ફેર - ૦૬

## કેમ્પસ પ્લેસમેન્ટ - ૦૨



**Teins International Company** ના સભ્ય શ્રીમતી તર્પણબેન વણકર અને શેખ મારિયાનું પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ તેમજ વિદ્યાર્થીઓનું ઈન્ટરવ્યું લેતા કંપનીના સભ્યો.